## જન્મદિને વધામણી



**નટવર હેડાઉ**
પ્રમુખ
ગાંધીનગર સાહિત્ય સભા
મો. ૮૯૮૦૦ ૨૯૨૧૨



**સુનિતા વિનોદ શર્મા (જોષી)**
મો. ૯૯૨૪૪ ૮૯૯૦૧

# મધુવન પ્રિમીયર લીગ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગાંધીનગરની ટીમ વિજયી



## ફાઈનલ મેચ ફ્યુચર ક્લબ, બાલવા અને જગુઆર ઈલેવન, ગાંધીનગર વચ્ચે રમાઈ, જેમાં જગુઆર ઈલેવનનો વિજય થયો

ગાંધીનગર, તા. ૪

મધુવન પ્રિમીયર લીગ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન મધુવન ફાર્મ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ૬૫ જેટલી ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ટીમોમાં રાજભવન ઈલેવન, સીએમ કમાન્ડો ઈલેવન, ગાંધીનગર પોલીસ ઈલેવન જેવી ટીમો પણ સામેલ હતી. ગાંધીનગર જિલ્લા ઉપરાંત અમદાવાદની ટીમો પણ આ ટુર્નામેન્ટમાં સાજેદાર થઈ હતી. તાજેતરમાં યોજાયેલી આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ ફ્યુચર ક્લબ, બાલવા અને જગુઆર ઈલેવન, ગાંધીનગર વચ્ચે રમાઈ હતી, જેમાં જગુઆર ઈલેવનનો વિજય થયો હતો.

ચેમ્પિયનશીપના સમાપન પ્રસંગે ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે જિલ્લા કલેક્ટર સતિષ પટેલ, ગુજરાત ગ્રામીણ બૅન્કના ચૅરમૅન બી ઍસ લુથરા, બ્રહ્માકુમારીઝ, ગાંધીનગરનાં કૈલાશદીદી, બૅન્ક ઑફ ઈન્ડિયાનાં જનરલ મૅનેજર પુષ્પાબેન અને મધુવન ફાર્મના માલિક દિપક ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

# ‘હૅપ્પી સ્ટ્રીટ’માં ભાગ લેવા આવેલા યુવાનો પુસ્તક પરબનો લાભ લેતા ગયા





ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં પ્રથમ વખત યોજાયેલી હેપ્પી સ્ટ્રીટમાં સવારથી જ યુવાનોની ચહલપહલ હતી, તો સાથે-સાથે દર મહિનાના પ્રથમ રવિવારે યોજાતી પુસ્તક પરબ એના નિયત સમયે ઘ-૪ના સર્કલે ગોઠવાઈ હતી.

સંગીત, નૃત્ય અને યુવાનોને મોજ પડે એવી પ્રવૃત્તિને કારણે સવારથી જ યુવાનો હેપ્પી સ્ટ્રીટ પર ભાગ લેવા માટે આવ્યા હતા અને એમને પુસ્તક પરબ પણ અચરજ જેવી લાગી હતી. ‘પુસ્તકો અને મૅગેઝીન મફત ?’ એવા પ્રશ્નો વારંવાર એમણે પૂછ્યા હતા. આ યુવાનો સાથે પુસ્તક પરબના સભ્યોને પણ આ પ્રવૃત્તિનો વ્યાપ વધારવાનો માર્ગ મળ્યો હતો.

પુસ્તક પરબમાં વસંત ગઢવી, મમતા રાવલ, નિમેષ રાવલ, કલ્પતરૂ વીપી નિશીથ મહેતા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. માતૃભાષા અભિયાન અને આત્મનના નેજા હેઠળ પ્રજ્ઞા પટેલ આ પ્રવૃત્તિ એકધારી ચલાવે છે. આ ટીમમાં નિઃસ્વાર્થ ભાવે અશોક ત્રિવેદી, કિશોર જીકાદરા, આશા સરવૈયા, સંજય થોરાત, રોહા પરમાર, રણછોડ પરમાર, મૂળજી પરમાર, અશોક શ્રીમાળી વગેરે સભ્યો ગુજરાતી સાહિત્યની પ્રવૃત્તિઓ ધમધમતી રાખે છે. પુસ્તક પરબની એક મુલાકાત મુલાકાતીઓ માટે કાયમી ઠેકાણું બની જાય છે.



વિશ્વ પર્યાવરણ દિનની પૂર્વ સંધ્યાએ પારૂલ ઍસ ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા સૅક્ટર-૧૬, ગાંધીનગર ખાતે અંધ શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રકારનાં વૃક્ષો અને ફૂલછોડું આરોપણ આ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવ્યું હતું. અંધ શાળાના મંત્રી ડૉ. જયંતીભાઈ પટેલ, ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ દેસાઈ, પારૂલ ઍસ ફાઉન્ડેશનના પ્રમુખ સંજય ડોડિયા, ઉપપ્રમુખ વિષ્ણુ ઠાકોર, મહામંત્રી નટવરસિંહ ચૌહાણ અને સ્વયંસેવક મુકેશ મકવાણા, કમલેશ ઠાકોર, હસમુખ પરમાર, ઉષ્માનુબા મીર અને સ્થાનિક વસાહતીઓ આ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. સંસ્થા દ્વારા વસાહતીઓને પર્યાવરણના જતન અને વૃક્ષોના મહત્ત્વ વિશે સમજ આપવામાં આવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

બોલતાં
બધાને આવડે છે
વાતચીત કરતાં
બહુ ઓછાને

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ડિયર માયા
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બેવૉચ (૩ડી, અંગ્રેજી)
૧૨.૩૦, ૮.૦૦
બેવૉચ (૩ડી, હિન્દી)
૩.૦૦, ૧૦.૩૦
પાઈરેટ્સ ઑફ ધી કૅરેબિયન
(૩ડી, હિન્દી) ૫.૩૦

**સ્ક્રીન-૪**
કરસનદાસ પે ઍન્ડ યુઝ
(ગુજરાતી)
૧.૦૦
બાહુબલિ-૨
૩.૪૫, ૯.૩૦
હિન્દી મીડિયમ
૭.૦૦

**સ્ક્રીન-૫**
સ્વીટી વેડ્સ ઍનઆરઆઈ
૧૦.૦૦, ૧૨.૪૫,
૪.૦૦, ૧૦.૦૦
સચિન
૭.૧૫

ગાંધીનગર સમાચાર

પાટનગરનું પોતીકું અને વાચકોનું વહાલું અખબાર ગાંધીનગર સમાચાર ગાંધીનગર શહેરને સમર્પિત કરે છે એક નવી પહેલ.....

**ગાંધીનગર સમાચાર**

**ગ્રીન ગાંધીનગર અભિયાન**

ગાંધીનગર સમાચાર ગાંધીનગરના સૌ પર્યાવરણ-પ્રેમીઓને નાગરિકો, સંસ્થાઓને વૃક્ષારોપણ માટે આહવાન કરે છે. આપના દ્વારા થયેલા વૃક્ષારોપણની તસવીરો ‘ગાંધીનગર સમાચાર’માં પ્રગટ કરવામાં આવશે.

તો ચાલો, વૃક્ષો વાવો અને નગરને વિશ્વનું સૌથી હરિયાળું પાટનગર બનાવો.

# તમાકુનાં જોખમો સામે જાગૃતિ અભિયાન

ગાંધીનગર, તા. ૪

સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ કેમ્પસમાં આવેલી ગુજરાત કેન્સર ઍન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) અને ગુજરાત કેન્સર સોસાયટીના ઉપક્રમે ડૉક્ટરોએ વર્લ્ડ નો-ટોબેકો ડેની ઉજવણીના ભાગરૂપે એક સપ્તાહનું જાગૃતિ અભિયાન હાથ ધર્યું હતું. અસારવા, કલાપીનગર અને અમદુપુરાના સ્લમ વિસ્તારમાં ડૉક્ટરો ફર્યા હતા અને લોકો સુધી તંબાકુના કારણે થતા કેન્સર અને તેના દુષપરિણામોથી માહિતગાર કર્યા હતાં. આયુષ સંસ્થા એ કેન્સર અવેરનેસ માટે અડધા કલાકની બે મૂવી તૈયાર કરી હતી તેને અભિયાન અંતરગત લોકો સમક્ષ પ્રદર્શિત કરવામાં આવી હતી. આ અંગે GCRIના ડેપ્યુટી ડાયરેક્ટ ડૉ. ગીતા જોષીએ કહ્યુ કે, ભારતમાં લાખે ૧૩૦ વ્યકિત અને ગુજરાતમાં ૮૦ વ્યક્તિ કેન્સર ગ્રસ્ત છે. આ પૈકી ૪૦ ટકા વ્યકિતને તંબાકુ અને તેની બનાવટની વસ્તુના સેવનના કારણે કેન્સર થાય છે.

# પ્રકૃતિ સાથે લોકોનું સાંનિધ્ય કેળવીએ

**પ્રસંગસર**
**નરેશ ઠાકર**

યુએન- યુનાઈટેડ નેશન્સની સને ૧૯૭૨માં યોજાયેલ માનવ અને પર્યાવરણ વિષયક શિખર પરિષદની સફળતાને મળેલ પ્રસિદ્ધિ બાદ યુએન દ્વારા યુએનઈપી-યુનાઈટેડ નેશન્સ એન્વિરોન્મેન્ટ પ્રોગ્રામ્સ નામે વિશેષ સંસ્થાની રચના કરવામાં આવી છે. સાથોસાથ સદર શિખર પરિષદ ૫મી જૂનના રોજ શરૂ થયેલ હોય, પ્રતિવર્ષે ૫મી જૂનના દિવસને વિશ્વ પર્યાવરણદિન તરીકે ઉજવવાની જાહેરાત કરી છે. વિતેલા ચાર દાયકાથી વધુ સમયગાળા દરમિયાન, દર વર્ષે ૧૪૩થી વધુ દેશોમાં ઉજવાતા આ વિશ્વ પર્યાવરણદિને પર્યાવરણલક્ષી જનસમૂદાયોની સમસ્યાઓ વાચા આપવા તેમજ તેના વ્યવહારૂ હલ માટે વિચાર-વિમર્શ અર્થે વૈશ્વિક મંચ મળી રહે છે. વર્ષ ૧૯૮૭થી વિશ્વ પર્યાવરણદિનની આંતરરાષ્ટ્રીય ઉજવણીના સત્તાવાર યજમાન તરીકે જુદાજુદા દેશોને તક મળે છે.

ચાલુ વર્ષે ૫મી જૂન ૨૦૧૭ના દિવસે વિશ્વ પર્યાવરણદિનના આંતરરાષ્ટ્રીય ઉજવણીના યજમાન તરીકે કેનેડાને લાભ મળ્યો છે. સમગ્ર વિશ્વમાં પર્યાવરણીય સકારાત્મક કાર્યયોજનાઓની માટે વિશ્વ પર્યાવરણદિન જ એક માત્ર વાર્ષિક વૈશ્વિક પ્રસંગ તરીકે વિશાળ પાયે ઉજવવામાં આવે છે. યુએનઈપી-યુનાઈટેડ નેશન્સ એન્વિરોન્મેન્ટ પ્રોગ્રામ્સની દોરવણી હેઠળ વિશ્વભરમાં હજારો જનસમૂદાયો આ પ્રસંગની ઉજવણી કરે છે. વિશ્વ પર્યાવરણદિન- ૨૦૧૭નું થીમ-વિષયવસ્તું ‘કનેક્ટિંગ પીપલ ટૂ નેચર’ જાહેર કર્યું છે. અંગ્રેજી ભાષાના આ થીમની સરળ સમજ માટે ‘પ્રકૃતિ સાથે લોકોનું સાંનિધ્ય કેળવીએ’ તેમ કહી શકાય. લોકોએ પોતાના દેશમાં અને વિશ્વમાં કુદરતી પર્યાવરણના સુંદર સ્થળોની જાણકારી મેળવીને વ્યક્તિગત મુલાકાત સાથે કુદરતને જાણવાની તકનો લાભ લેવા તેમજ તંદુરસ્ત ઈકો-સિસ્ટમના ફાયદાઓની પ્રશંસા કરવાનો આ વિષયવસ્તું મારફતે સંદેશ મળે છે.

**પ્રકૃતિ સાથે લોકોનું સાન્નિધ્ય કેળવવાના ઉપાયો**

લોકોની આસપાસ સ્થાનિક બાગ-બગીચાઓ, રાજ્ય કે દેશમાં આવેલ જળપલ્લવિત વિસ્તારો, તળાવો, નદીઓ, સરોવરો, ડુંગરો, ડુંગરાળ પ્રદેશો, વન વિસ્તારો, અભયારણ્યો - સેન્કચ્યૂરીઝ, નેશનલ પાર્કર્સ, નેશનલ વાઈલ્ડ લાઈફ એરિયા, વગેરે કુદરતી રમણીય સ્થળોની ભાળ મેળવી ભ્રમણ કરવાના હેતુથી સૌને પ્રોત્સાહિત કરી શકીએ.

કુદરતી સૌંદર્ય માણીએ અને સમગ્ર બારેમાસ આનંદ વિભોર બનીએ

- આઉટડોર્સ પ્રવૃત્તિઓનો આનંદ માણવાનું તૂર્ત શરૂ કરીએ. ઘર બહાર ફરવા જઈને કુદરતને માણવા અનેક કારણો છે. જે લોકો પ્રસંગોપાત્ત ફરવા જાય છે, તેઓ અન્યોની તુલનામાં વધુ સુખી રહે છે.
- બહારના વાતાવરણ વચ્ચે સૂર્ય પ્રકાશમાંથી આપણા શરીરને ઉપયોગી પોષક વિટામીન-ડી મળી રહે છે. ઘર કે રોજીંદા કામકાજના સ્થળથી વખતોવખત બહાર ફરવાથી આપણી કાર્યત્વરામાં ઊમેરો થાય છે. વળી, ચીલાચાલુ રોજીંદા કામકાજથી ઉદભવતી હતાશા દૂર થાય છે, અને નવા તરવરાટનો અહેસાસ મળે છે. બહાર ફરવાથી મજાનો આનંદ માણવાના રસ્તાઓ ખૂલી જાય છે. પ્રસંગોપાત્ત ઘર સિવાય અન્યત્ર પણ ખાનપાન માણીએ
- વરંડા, બાલ્કની કે વાડામાં ચ્હા, કોફીની ચૂસ્કી માણીએ. રોજની દોડધામમાંથી થોડો સમય ફાળવીને આસપાસનો આનંદ માણીએ. આવા સમયે રાંધ્યા વગરના ગ્રીન સલાડ, સિઝનલ તાજા ફળોનો રસ, વગેરે જેવા નેચરલ ફૂડને આરોગીએ.
- જ્યારે, પીકનિક માટે આયોજન કરીએ ત્યારે બાગ-બગીચા, નદીકાંઠે કે જળપલ્લવિત વિસ્તારો પાસે વૃક્ષોના શીતળ છાંયામાં આપણા ખાણાની મઝા માણીએ. ફરવા જવાના વાર્ષિક પ્રોગ્રામ યોજીએ
- નદી કે દરિયા કિનારે ન્હાવા, ડેઝર્ટ સફારી કે વ્હાઈટ વોટર રાફ્ટીંગ માણવા, ટેકરીઓ, પર્વત કે પહાડી વિસ્તારોની પગદંડી પર ચાલવા, યોજાતા ગૃપ કૅમ્પમાં ભાગ લઈએ અથવા સ્વાનુકૂળ આયોજન કરીએ.
- અસામાન્ય, ચીલાચાલુ ન હોય તેવા વન્યલક્ષી, દોરડા/ઝીપલાઈન પર સરકવા, વિઘ્ન સભર રસ્તાઓ ઠેકવા, પર્વતારોહણ, વગેરે જેવી સાહસિક પ્રવૃત્તિઓને પસંદ કરીએ. આવી સાહસિક પ્રવૃત્તિઓ કરવાથી આપણામાં રહેલ છૂપા ડરનો સામનો થાય છે. ત્યારબાદ, આવો ડર કાયમી ધોરણે નાબૂદ થાય છે. આપણો આત્મવિશ્વાસ વધારવામાં આવી પ્રવૃત્તિ સહાયક બને છે. હકિકતે, આવી અનુભૂતિ આપણા જીવનમાં અન્ય બાબતોને પણ લાગુ પડે છે. પડોશીઓને ચ્હા-પાણી માટે બોલાવી, નભના તારામંડળ નિહાળીએ
- ક્યારેક પડોશીઓને ચ્હા-પાણી માટે બોલાવીએ અને નભના તારામંડળ નિહાળવાનો કાર્યક્રમ યોજીએ. ઘરની બહાર ક્યારેક બેસીને ચ્હા-પાણી માણવાથી મન શીઘ્ર પ્રફુલ્લિત થાય છે. વાતાવરણની ખુશ્બૂ, આહલાદકતા તેમજ આકાશના તારામંડળ નિહાળી વખાણીએ. ક્યારેક ઘરની બહાર કામકાજ કરીએ
- ધંધા કે રોજગારના ઠેકાણે ક્યારેક ઉદભવતા ઉદ્વેગને દૂર કરવા પ્રયત્ન કરીએ. આવી હતાશ ભાવનાઓને હડસેલી દૂર કરવા બારી બહાર અથવા આકાશ કે આસપાસ નજર ફેરવી લઈએ. આવી હિલચાલથી કાર્યદક્ષતા વધે છે. જો ઘરે હોતો, વાડા કે વરંડામાં લટાર મારી વનસ્પતિ, ઝાડપાન કે આકાશ તરફ નજર દોડાવીએ.
- રોજીંદી દિનચર્યામાંથી બહાર આવી આપણી આસપાસ આંટો મારવાથી, આપણામાં ઊર્જા વધે છે, આપણી એકાગ્રતા વધારવા સહાયક બને છે, પ્રકૃતિ સાથે સૌનું સાન્નિધ્ય કેળવાઈ છે, અને આપણને ખુશી મળે છે.
- કુદરતના સંસર્ગ હેતુ, ઘર બહારની રમત-ગમત પ્રવૃત્તિઓમાં ગૃપ કે મિત્રો સાથે સહેલાઈથી ભાગ લેવા ઈરાદો રાખીએ. છોડ અને ફુલોની માવજત કરીએ.
- રોપારોપણ કે છોડ રોપવાની ઋતુ દરમિયાન યોજાતા કાર્યક્રમોમાં ત્વરાથી ભાગ લઈને પોતાના વાડામાં, નજીકની યોગ્ય જાહેર જગ્યામાં અથવા ફૂલોના કૂંડામાં છોડ રોપીએ તેમજ આવા રોપાઓ કે છોડની માવજત કરીએ.
- મોસમ અનુરૂપ ફુલોના રોપાઓને કૂંડામાં વાવીએ. ફુલોની મોજૂદગીથી જીવનમાં વસંત ખીલવાનો અને ઉદ્દીપ્ત થયાનું મહેસૂસ થાય છે. ક્યારેક બિન્ધાસ્ત અને બાળસહજ આચરણ કરીએ
- ચોમાસું, શિયાળો અને ઉનાળાના શૈશવના મસ્તીખોર દિવસો યાદ કરીએ. આવી એકાદ પ્રવૃત્તિમાં ક્યારેક ઓતપ્રોત થઈએ. ક્યારેક ઘરની બહાર આડોશપાડોશના બાળકો પાસે જઈને પ્રાંગણમાં રમાતી જૂની રમતો શિખવાડીએ. ફ્રિસ્બિ રમીએ, કૂદાકૂદ કરીએ કે ઝાડ પર ચઢઊતર કરીએ. ક્યારેક પુક્ત ઉંમરની વ્યક્તિ તરીકેનું વલણ છોડીને બાળ સહજ આચરણ કરીએ.
- આકાશમાં મેઘધનુષ, ચમકારા મારતી વીજળી કે કાળાં ઘનઘોર વાદળો જોઈને ક્યારેક ચીસાચીસ કરીને વાતાવરણ ગુંજવીએ. ક્યારેક નજીકમાં આવેલ એકાદ અસામાન્ય જગ્યાની મુલાકાત લઈએ
- નજીકમાં આવેલ પ્રવાસીઓના આકર્ષણ સ્થળોએ સ્થાનિક લોકો સમાન્યરીતે જવલ્લે ફરવા જાય, તેવા સ્થળોએ પ્રવાસીઓની ભીડથી બચવા ચાલુ દિવસે ક્યારેક સમય ફાળવી લટાર મારી લઈએ. એકાદ કલાકમાં સામાન્યરીતે પહોંચી શકાય તેવા આસપાસના સ્થળોની ભાળ મેળવી ઘરની બહાર ફરવા જવાની પ્રવૃત્તિઓ હાથ ધરીએ. આવા નાના પ્રવાસ માણવાથી આરામ મળે છે, શરીરમાં નવચેતનનો સંચાર થાય છે, અને નિત નવા પડકારોનો સામનો કરવા મનોબળ વધે છે.
- જુદાજુદા સ્થળોએ નિસર્ગને માણવા સાયકલ લઈને ફરવા જઈએ. સૂરજનો સવાર સાંજનો તડકો, માથાના વાળને ફરકાવતી હવા માણીએ. આવા સમયે આપણને નિહાળતી આસપાસના લોકોની નજરોથી ખુશ થઈએ. કુદરતનો ખોળો ખૂંદવા મોટર કારમાં સડસડાટ પસાર થવાને બદલે, સાયકલ પર ફરવા જવાની મઝા જ અનેરી હોય છે. આવી સ્થિતિ આસપાસના નિસર્ગનો ભાગ બની રહે છે.
- સવારમાં ઘરની બહાર હળવી કવાયત કરવાનો મહાવરો કરીએ. જકડાતા શરીરમાં સ્ફૂર્તિ લાવવા અને લાગણી સભર આવેગ પર નિયંત્રણ મેળવવા રોજ ધ્યાન-યોગ કરીએ. જનસમુદાય માટે પ્રસંગોપાત્ત મેદાનમાં રમવાની રમતો, ચાલવા કે દોડવાના કાર્યક્રમો યોજીએ. ઘરની બહાર ફરીને હવામાં રહેલ ઠંડક કે ગરમાટો મહેસૂસ કરીએ.

આસપાસના પરિસરની કદર કરવા કટિબદ્ધ બનીએ

- આપણે જ્યારે જ્યારે બહારગામ મુકામ કરીએ ત્યારે તે સ્થળની આસપાસના પરિસરની કદર કરીએ. રમણીય હૂંફ, પવનની લહેર અને પગ મૂકવાની જમીન જેવી કુદરતની મહેર બદલ કૃતજ્ઞતા વ્યકત કરવાથી આપણને ઉલ્લાસનો તરત જ અહેસાસ થાય છે.

ઉપયુક્ત પ્રત્યેક પગલું ભરવાથી ક્ષણિક આનંદ સાથે અવિસ્મરણીય સ્મૃતિઓ મળે છે. આપણે જેમ જેમ ઘર-બહારની પ્રવૃત્તિઓમાં સામેલ થઈને મોજમસ્તી માણવા થોડી ક્ષણો માટે ઓતપ્રોત થવાની ટેવ પાડીશું, તેમ તેમ પ્રકૃતિના સાંનિધ્યમાં મળતી સ્મૃતિઓને વાગોળવાનું સુગમ બનશે.

વિશ્વ પર્યાવરણદિનના પ્રસંગે નિસર્ગ પ્રત્યેની કૃતજ્ઞતાને વિશ્વસ્તરે પ્રોત્સાહિત કરવા તેમજ આપણા પર્યાવરણના સંરક્ષણ અર્થે આયોજન કરવાનો મોકો મળે છે. આ પ્રસંગે, દરિયાઈ પ્રદૂષણ અને ગ્લોબલ વૉર્મિંગથી લઈને આરોગ્યપ્રદ આહારનો વપરાશ, વન્યસૃષ્ટિને હાનિકારક આચરતા ગુનાઓ તેમજ જનસમૂદાયોના કલ્યાણ સંબંધિત ઉદભવતા પર્યાવરણીય તથ્યોની ઓળખ અને ઉકેલ માટે અગ્રણી ઝુંબેશની તક વિશ્વ પર્યાવરણદિને મળી રહે છે.

ચાલો, સૌ સાથે મળીને, પર્યાવરણીય સમસ્યાઓને હળવી કરવા માનવતાવાદી મહોરૂં પહેરાવવાનો વિશ્વ પર્યાવરણદિનનો હેતુ બર લાવવા પ્રયત્ન કરીએ. માનવ-માનવ વચ્ચે ભાગીદારી કેળવવા તેમજ દરેક જનસમુદાયોનું પ્રકૃતિ પ્રત્યે સકારાત્મક વલણ અપનાવવા પ્રોત્સાહિત કરી, સૌનું ભાવિ સુરક્ષિત બનાવવાનું સુનિશ્ચિત કરીએ. આપણા જીવનને પ્રકૃતિ પ્રત્યે સમર્પિત કરીએ. જેથી પ્રકૃતિ, જળ, વાયુ અને જમીન તેમજ સમગ્ર જીવસૃષ્ટિ, પર્યાવરણ અને આપણી પૃથ્વીની કાળજી લેવાનો સરવાડે ઉમદા ગુણ વિકસાવવામાં સહાયક બનશે.

